# સુપ્રભાતમ્

**સુરેશ પ્રા. ભટ્ટ**

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

સત્તા માટે સ્વાર્થી સંગઠ્ઠન ટૂટી પડે છે
શિસ્ત ને સંપ, પક્ષના, તૂટી-ફીટી પડે છે,
લૂંટી તિજોરી, છતાં ચોરો કરે શિરજોરી -
કાળાં કમળની પાંખડીઓ છૂટી પડે છે..
(જિદ્દી-યેદ્દી, વિજયા-રાજે ના રાજીનામાં)

## હાઈકુ

બોલ્યા બાવાજી!
પિંઢારા રાજ વિશે -
બાર વરસે..
(કેશુબાપા ઉવાચ)

સંસદે કર્યાં
સાઇઠ વર્ષ પૂરાં -
પણ, 'બુધ્ધિ' છે..
(કેજરી, રામદેવનાં નિવેદનો)

## ચિંતન

**જીવન્તો અપિ મૃતાઃ પંચઃ વ્યાસન પરકીર્તિતાઃ ।**
**દરિદ્રો, વ્યાધિનો મૂર્ખ પ્રવાસી નિત્ય સેવકઃ ॥**

'નિર્ધન-ગરીબ-પૈસા વિનાનો માણસ, માંદો-રોગી માણસ, મૂર્ખ, મુસાફર અને હંમેશ માટેનો સેવક (નોકર-દાસ) - આ પાંચ જીવતાં છતાં પણ મરેલા જેવા જ છે, એમ વ્યાસ મુનિ કહે છે.'

સમાજ, કુટુંબ-પરિવારમાં, ભલે વડીલ હોય કે વિદ્વાન, સન્માનીય વ્યક્તિત્વ હોય તો પણ જો નિર્ધન હોય તો ઘર-કુટુંબ તો ઠીક પણ અન્ય સામાજિક વ્યવહારમાં પણ એને કોઇ ખાસ મહત્ત્વ આપતું નથી.

બિમારી કારણે બગડેલો સ્વભાવ હોઇ અને જાતે જ પૂર્વગ્રહ ગ્રંથિથી પિડાતો રોગી પોતાનું હવે કંઇ જ મહત્ત્વ નથી એવું માનવા લાગે છે, અને રોજના રોગી પર પરિવાર પણ કેટલો પ્રેમ વરસાવે?

જેમની વાતોમાં મૂર્ખાઇ જ ભરી હોય એને કોઇ સાંભળતું નથી, સાંભળે તો કોઇ ધ્યાને લેતું નથી.

જે સદાય મુસાફરી કરતા હોય કે મુસાફરી પૂરતો સાથ હોય એમની વાતચીત કે સ્વભાવ કે વર્તનનું ખાસ મહત્ત્વ હોતું નથી.

જેને સદાય અન્ય લોકોની સેવા-ચાકરી અને દાસત્વપણું જ લખાયું હોય એને બધાં લોકો કામ ચિંધ્યા જ કરે છે, કામ સિવાય એનું ક્યાંક કોઇ મહત્ત્વ રહેતું નથી.

આમ, આ પાંચ-જીવતાં હોવા છતાં પણ મૃતદશામાં જીવતા હોય એવાં જ છે.

## સુવિચાર

- પ્રાણીમાત્રના સુખ-દુઃખનું કારણ પોતાનાં જ સારાં-નરસાં કર્મો જ છે, કોઇ, કોઇને દુઃખી કરે છે એ તો માત્ર એક વહેમ છે **- રંગ અવધૂત**
- આપણી ઇન્દ્રિયો પણ બાળક જેવી જ નિર્દોષ છે તેને જોવાનું, સાંભળવાનું, સ્પર્શ કરવાનું, સૂંઘવાનું ગમે પણ શું કરવું - ન કરવું એને મનનું માર્ગદર્શન ભ્રષ્ટ કરે છે **- રોહિત મહેતા**
- મન તો પ્રતિક્રિયાઓ જ આપે છે, ક્રિયા કરતું નથી, એટલે સારા-સાચા-સાત્વિક નિર્ણયો તો મન જ્યારે માનસિક ક્રિયાઓથી અલિપ્ત થઇ જાય પછી જ લેવા **- વિમલા ઠાકર**
- સત્યને સત્ય તરીકે, અસત્યને અસત્ય તરીકે, અસત્યમાં રહેતા સત્યને અને સત્યમાં રહેલા અસત્યને જોવું એનું નામ મન **- જે. કૃષ્ણમૂર્તિ**
- અનુભવ, માહિતીજ્ઞાન, સ્મૃતિ, વિચારો, ઇચ્છાઓ અને જ્ઞાન વગેરેનો ભંડાર એટલે મન, મન આપણું ચાલક બળ છે, વાણી-વિચાર અને વર્તન મૂળ છે **- બબાભાઇ પટેલ**
- જો જીવન પ્રત્યે એક વ્યાપક દર્શન કે વલણ નહીં હોય ગૂંચવાઇ જશે - સંકુચિત મન, સડી જાય છે **- ડો. રાધાકૃષ્ણન્**

## બોધકથા

આજકાલ રાષ્ટ્રીય પક્ષો દેશસેવા માટે પક્ષનાં સિદ્ધાંત સાથે સંગઠ્ઠન કરી પોતાની સેવા અને કાર્યો માટે પ્રચાર કરે છે, પણ આજે પરિસ્થિતિ ઉલ્ટી છે. જે રાજય કે દેશમાં પક્ષ બહુમતિ મેળવી લે પછી તેના કાર્યકરોની જોહુકમી વધી જાય છે. 'ગુંડાગીર' જુલ્મ કરવા લાગે છે પોતે 'સેવક' કે કાર્યકર છે એ ભૂલાઇ જાય છે.

ભગવાનના આશ્રમમાં અભ્યાસ પૂર્ણ થતાં ધર્મપ્રચાર અને આત્મોધ્ધાર માટે શિષ્યોને દેશાટનમાં મોકલવાનો સમય હતો. ભગવાન શિષ્યોની કસોટી કરી પછી પરિભ્રમણ માટે રજા આપતા હતા..

ભગવાને, શિષ્યને પૂછ્યું પ્રચાર દરમિયાન તને કોઇ અપશબ્દ બોલશે તો તું શું કરીશ?

શિષ્ય કહે, એણે હાથ તો નથી ઉગામ્યો ને! એના માટે હું તેનો આભાર માનીશ.

- પણ હાથ ઉગામશે તો?

- તો દંડો તો નથી માર્યો ને - એમ વિચારીશ.

બુધ્ધ કહે, પણ જો દંડો જ ફટકારશે તો?

શિષ્ય કહે, તો શસ્ત્ર ન મારવા માટે આભાર માનીશ. પણ ધારો કે, શસ્ત્ર મારે તો?

- તો જાતે આત્મહત્યા ન કરતાં મારા પર પ્રયોગ કર્યો તેના માટે હું એનો આભાર માનીશ..

ભગવાન બુધ્ધે એને ધર્મપ્રચારમાં જવાની પરવાનગી આપી.

# સંસદની ગરિમા અને પવિત્રતા જળવાવવી જોઇએ

## તંત્રી સ્થાનેથી...

સંસદની ગરિમા, પવિત્રતા અને સર્વોચ્ચતા જાળવવા લેવાયેલો સંકલ્પ આવકારદાયક છે. સંસદની ૬૦મી વર્ષગાંઠ નિમિત્તે યોજાયેલ વિશેષ સંયુક્ત બેઠકમાં ૬૦ વર્ષની ઘટનાઓને તાજી કરાઈ હતી. ભારત જેવાં લોકશાહી દેશમાં ૬૦ વર્ષ સુધી સંસદની સર્વોચ્ચતા જળવાઈ છે, એ પ્રશંસનીય બાબત છે, રાજકીય પક્ષોમાં વિચારભેદ આવકારદાયક છે. પરંતુ રાષ્ટ્રીય પ્રશ્નોમાં વૈચારિક એકતા અનિવાર્ય છે. ભૂતકાળમાં વિવાદાસ્પદ મુદ્દાઓ ઉપર સંસદ દિવસોના દિવસો સુધી કામકાજ વિના મુલત્વી રહી છે. લાખ્ખો રૂપિયાનો ખર્ચ દેશને નિરર્થક નિવડ્યો છે. સંસદને મુલત્વી રાખવાનું માત્ર પ્રતિકાત્મક જ રહેવું જોઈએ. દિવસોનાં દિવસો લંબાવવાથી દેશની તિજોરી ઉપર બોજો વધે છે. સંસદના હિરક મહોત્સવ પ્રસંગે સંસદની ગરિમા જાળવવાની વિચારને સાકાર કરવા સૌ સાંસદો અને તમામ પક્ષો પ્રતિબધ્ધ બને તો ભારતની લોકશાહી પ્રક્રિયા દુનિયા માટે માર્ગદર્શક બની શકે એમ છે.

રાષ્ટ્રપતિએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સંસદને લોકતંત્રનો પાયો ગણાવ્યો હતો. અને સૌનાં વિચારોને આદર આપી લોકતંત્રને મજબૂત બનાવવા સૌના સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી. લાલકૃષ્ણ અડવાણીએ ખૂબ જ સાચું કહ્યું કે, દુનિયાના ઘણાં દેશોમાં લોકતંત્ર નિષ્ફળ રહ્યું છે. પરંતુ વિપરીત વિચારધારા સાથે સહિષ્ણુતા અને આદરનો ભાવ એ ભારતના લોકતંત્રની સફળતાનું કારણ છે. આપણી સંસદીય પરંપરા ભવ્ય હતી, અને છે. સવાલ માત્ર એ છે કે સંસદની કાર્યવાહીમાં વારંવાર ઊભો કરાતો અવરોધ જો ટાળી શકાય તો પ્રજા શ્રધ્ધા પણ વધુ બળવત્તર બનશે. કામગીરી ઝડપી બનશે, નિર્ણયો ઝડપી લેવાશે, અને સરવાળે પ્રજાને ફાયદો થશે. સંસદના આ ઐતિહાસિક પ્રસંગે સૌએ કરેલો સંકલ્પ એક નવી આશા જન્માવે છે. ભારતીય લોકશાહીની પવિત્રતા વધુ ભાવસભર બને એવા સંકેતો પ્રાપ્ય થાય છે. સમગ્ર દેશ ઈચ્છે છે કે, સંસદનું ગૌરવ જળવાવવું જ જોઈએ. સંસદ એ લોકશાહીનું મંદિર છે, પ્રજાની ભાવના સાથે જોડાયેલ આ સર્વોચ્ચ સ્થાન પરત્વેનો આદર વધુ ગૌરવપૂર્ણ બને એ દેશની અભિલાષા છે.

# ટોલરન્સ અને મોડેસ્ટી - સહિષ્ણુતા અને નમ્રતા દ્વારા જીવાતું જીવન સ્વર્ગ જેવું છે... પરંતુ તેની અતિશયોક્તિ નર્કના દ્વાર પણ ખોલી આપે છે

## વિચાર યાત્રા

**- જય ઓઝા**

**Let Us not Burden,**
**Our reemberances**
**with a heaviness that is gone**

**- શેક્સપિયર**

આજે જેમ મધર્સ ડે, ફાધર્સ ડે ઉજવાય છે, તેમ મનની ગાંઠ છોડવાનો ડે પણ ઉજવાવો જોઇએ.

આપણે ઘણી વખત કોઇ કે કહેલાં કડવાં, વાક્યો કે અન્યાયને ભૂલતાં નથી, એમ જો ઇશ્વર પણ આપણી ભૂલોને ન ભૂલે તો તો આપણું આવી જ બને ને!

મિત્રોના માઠા બોલ, પ્રેમમાં બેવફાઇ, સગાંવ્હાલાં કડવા અનુભવો સમાજના અન્યાયોનાં ભૂતકાળમાં વેંઢારી વેંઢારીને આપણે મગજને થકવી નાંખીએ છીએ... તેથી નવી વાત માટે મગજ ફ્રેશ હોતું નથી. ઇશ્વર આપણો બધો ભૂતકાળ યાદ રાખતો નથી. અંતરાત્માને પૂછીએ તો કેટ-કેટલું ખોટું કર્યું છે, જે પકડાયું નથી... પણ ઇશ્વરે આપણા પ્રગટ - અપ્રગટ બધા જ ગુના માફ કર્યા છે.

વિતેલી નઠારી ક્ષણોને ભૂલી જવામાં જીવનની કલા રહેલી છે... મનોવિજ્ઞાનની દૃષ્ટિએ આ જરૂરી છે. આજના આપણા આ મનનાં બંધનો આપણને અંદરની બિમારી આપી શકે છે. જૈનો આ વાત કદાચ જાણતા હોવા જોઇએ એટલે પર્યુષણ પર્વ પછી 'મિચ્છામી દુક્કડમ' કહે છે... પણ હવે એ બોલવા પૂરતું રહ્યું છે... અંતરની કોઇ માફ કરતું નથી.

ઇશ્વરે આપણને એકલાને પેદા કર્યાં નથી. આખી સંબંધોની જાળ આપણી આજુ-બાજુ છે. ઘણા લઘુતાગ્રંથીથી પીડાતા હોય છે એટલે માફ કરી શકતા નથી, તો વળી કેટલાક ગુરુતાગ્રંથીથી પીડાતા હોય છે માટે માફ કરતા નથી.

'ફરગિવ એન્ડ ફરગેટ' આ બે સૂત્રને જીવનસૂત્ર બનાવી લેવા જોઇએ. વ્યક્તિએ માફ કરતાં શીખવું જોઇએ અને માફી માંગતા પણ શીખવું જોઇએ. તેનાથી સંબંધોમાં સુગંધ આવે છે.

હા! એ વાત ચોક્કસ છે કે કોઇને માફ કરી દેવાની ગણતરી કરવી પડે તે પછી પણ જો સામેવાળા આપણી માફ કરી દેવાની વૃતિને આપણી નબળાઇમાં ખપાવતાં હોય તો ચેતી જવા જેવું ખરું!

દરેક શિશુપાલ શિક્ષાને યોગ્ય જ હોય છે, પરન્તુ આપણે કોઇ યોગેશ્વર નથી કે તેને સજા આપી શકીએ... હા! એટલું ચોક્કસ કે ભવિષ્યમાં તે વ્યક્તિની જીવનની કિતાબમાંથી બાદબાકી કરવી પડે છે.

કારણ કે અગાઉ કહ્યું તેમ વારંવાર માફ કરી દેવાની વૃતિ આપણને મૂરખમાં ગણાવતી હોય તો... ફુંફાડો મારવો જ રહ્યો...

એક ગામમાં એક સાપ પરથી પસાર થતાં લોકોને ખૂબ પરેશન કરતો હતો... કારણ વગર ડંશ દઇને લોકોનું રસ્તા પરથી પસાર થવું દુષ્કર કરી દીધું હતું.

બધાં ગામ લોકોએ ભગવાન બુધ્ધને વાત કરી. અને રસ્તો કાઢી આપવા વિનંતી કરી... તથાગત ભગવાન તે સાપની પાસે ગયા અને તેની પાસેથી વચન લીધું કે કોઇને પણ ડંખ મારતો નહીં... સાપે ભગવાન બુધ્ધની વાત માન્ય રાખી...

અમુક સમય પછી બુધ્ધ ભગવાન તે જ રસ્તા પરથી તે ગામમાંથી પસાર થતાં હતા, ત્યારે તેમણે જોયું તો પેલો સાપ લોહી-લુહાણ હાલતમાં મૃતઃપ્રાય અવસ્થામાં પડ્યો હતો... ભગવાન તથાગતે તેની આવી હાલતનું કારણ પૂછ્યું - ત્યારે વ્યથિત હૃદયે સાપ બોલ્યો કે આપને આપેલા ડંખ નહીં મારવાના વચનને કારણે જ મારી આ હાલત થઇ છે...!'

તરત જ ભગવાન બુધ્ધે કહ્યું કે - 'તે સમજવામાં ભૂલ કરી, મેં તને ડંખ મારવાની ના પાડી હતી... ફૂંફાડો મારવાની નહીં, આવતાં-જતાં માણસોને ખબર પડી કે તું કોઇ જ પ્રતિકાર કરતો નથી, માટે તને મારવા લાગ્યા... પરંતુ જો તે માત્ર ફુંફાડો મારીને તેમને ડરાવ્યા હોત તો આમ ન થાત.'

લોકોનો સ્વભાવ 'પોલું ભાળ્યું નથી કે વગાડ્યું નથી' જેવો હોય છે, ખબર પડે કે અહીંથી તો ક્ષમાનો ધોધ વહે જ રાખવાનો છે, તો પછી કુઠારાઘાત કર્યાં જ કરે...

'ફરગેટ એન્ડ ફરગિવ' એવા વ્યક્તિઓ માટે લાગૂ પાડી શકાય જે તેને લાયક હોય... 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' શાસ્ત્રો કહી ગયા છે, પરંતુ પૃથ્વીરાજ ચૌહાણને આ વીરતા કેવી ભારે પડી હતી, તે આપણે વિસરી ગયા નથી ને!

ટોલરન્સ અને મોડેસ્ટી - સહિષ્ણુતા અને નમ્રતા દ્વારા જીવાતું જીવન સ્વર્ગ જેવું છે... પરંતુ તેની અતિશયોક્તિ નર્કના દ્વાર પણ ખોલી આપે છે.

-jayuoza@gmail.com

# દર્દ એકને થાય અને પીડા બીજુ અનુભવે એનું નામ પ્રસન્ન દાંપત્ય

## ચિંતન સભા

**નંદવાતા જતા આપણા દાંપત્યજીવન**

**- પોપટલાલ એસ. પ્રજાપતિ**

દિવ્યા અને મધુરમની જોડી આમ તો કૉલેજમાં મશહૂર હતી તેમના પ્રેમ પ્રકરણને કારણે... એકબીજાને સંપૂર્ણ સમર્પિત જરા નવરાશ મળી નથી કે બગીચામાં વૃક્ષના ઓથે ગટર... ગૂ... કરતા આ પ્રેમી પારેવા કૉલેજનો અભ્યાસ પૂર્ણ કરી પ્રેમી મટી પતિ-પત્નિ બન્યા. સુંદર સપના... ભવ્ય કલ્પનાઓ... આદર્શ લગ્ન જીવનના ખ્વાબો વચ્ચે દામ્પત્યજીવનમાં મહેંકતા ફુલ સમાન પુત્રનો જન્મ થયો. પણ કોઈ એક નાજુક પળે બંને વચ્ચે સાવ સામાન્ય વાતમાંથી તૂ... તૂ... મૈં...મૈં... થઈ ગયું. એક ક્ષણ પણ વિખૂટા પડતાં જેમના દિલની ધડકનો વધી જતી એ હવે એકબીજા સામે નજર મીલાવવાનું ટાળવા લાગ્યા. મારી લાગણીઓ સાથે આવી રમત? મારા અરમાનોને છેહ? મારી અભિલાષાઓનું નિકંદન?... આ ન ચાલે... અને કહેવાતા પ્રસન્ન દામ્પત્યએ એકબીજાથી અને છૂટા પડવાનો નિર્ણય કર્યો. પછી તો કલમ ૪૯૮ અને ૧૨૫ ... ડૉમેસ્ટીક વાયોલન્સ એકટ અને ભરણ પોષણના દાવા... ખબર પાડી દઉં... જેલના સળિયા પાછળ ધકેલી દઉં... બસ આ છે વર્તમાન સમયની તાસીર. દામ્પત્યજીવનને નંદવાતા વાર જ નહીં. કાચના વાસણની જેમ સહેજ અથડાયા અને તરત તિરાડ. પછી તો કાચના વાસણ ક્યાં સંધાય છે કે તૂટેલા દિલ સંધાય?

ચિંતા છે સમાજમાં વધતા જતા છુટાછેડાની.. કોઈ પણ સમાજ બાકી નથી. આ છુટાછેડા દાવાનળથી કોણ જાણે કેમ સહનશીલતા અને જતુ કરવાની ભાવના યુવાનોમાં લોપ થતી જાય છે? પ્રસન્ન દામ્પત્યજીવન કેમ કરીને ટકે? બંગલો, ગાડી કે નોકર-ચાકર સાથેની સાહ્યબીને પ્રસન્ન દામ્પત્ય કહેવાતુ હોય તો શ્રમજીવી પરિવારોમાં દામ્પત્ય જીવન ક્યારેય સુખી ન હોઈ શકે. એક શ્રમજીવી પરિવાર હાથલારી ખેંચીને મજૂરીએ જાય છે. ત્યાં અચાનક ઝરમર ઝરમર વરસાદના ફોરાં પડે છે તેમની પાસે એક ફાટેલી ચાદર હતી તે ઓઢીને પતિ- પત્નિ બંને ઝાડને આશરે ઉભા રહે છે. ફાટેલી ચાદરમાંથી વરસાદના ઝીણા ટીપાં તેમની ઉપર પડે છે ત્યારે પત્નિ પોતાના પતિને કહે છે કે, 'ભગવાન કેટલો દયાળુ છે? આપણી પાસે તો ચાદરેય છે જેમની પાસે આટલી ચાદર પણ નહિ હોય તેમનું શું થતું હશે?' વરસતા વરસાદમાં ભીંજાઈને પણ સંતોષની લાગણી ધરાવતું આ દામ્પત્ય અને મોટા બંગલામાં બારી પાસે બેઠેલું દંપતિ અચાનક વરસાદનું ઝાપટું પડતાં તેની વાછટથી ભીંજાય અને પતિ પોતાની પત્નિને ધમકાવે કે, 'તારામાં અક્કલનો છાંટોય છે કે નહિ? આ બારી બંધી રાખી હોત તો આપણે ભીંજાવું પડત?' આ બંનેમાંથી સુખી દામ્પત્ય કોનું? સુખ અને સંતોષ ફક્ત વૈભવમાંથી પ્રાપ્ત થાય છે તે માન્યતા ભ્રામક છે. બંને ટાઈમ છાશ અને રોટલા ખાનાર દામ્પત્ય પણ પ્રસન્નતાથી છલકાતા હોય છે અને એ.સી.માં સુનાર આખી રાત અજંપામાં વિતાવે છે. સંસારની નજરોમાં બંને પતિ- પત્નિ છે. એટલા ખાતર જ સાથે રહેવાનું હોય અને પડયું પાનું નિભાવવાની જ ભાવના હોય તો તે દામ્પત્ય જીવન ક્યારેય સફળ બની શકે નહિ. એકનું સંકટ બીજાની આપત્તિ બની જતી હોય. દર્દ એકને થાય અને પીડા બીજુ અનુભવે એનું નામ પ્રસન્ન દામ્પત્ય...

એક વાર ખરા બપોરે એક શિષ્ય પોતાના ગુરૂ પાસે જઈ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી નમ્રતા પૂર્વક ગુરુ પાસે આસન લે છે. ગુરુ લેખન કાર્ય કરી રહ્યા હતા. શિષ્યએ ગુરુને પ્રશ્ન કર્યો. બાપજી! પ્રસન્ન દામ્પત્ય જીવન કોને કહેવાય? બાપજીએ કંઈ પણ બોલ્યા વિના પોતાની પત્નિને સાદ કર્યો, અરે સાંભળો છો? કોડીયામાં તેલ પૂરી જરા દીવો પ્રગટાવી લાવો જો? સુરજ મધ્યાહને તપતો હતો. સર્વત્ર પ્રકાશનું સામ્રાજ્ય હતું છતાં દીવો કરવાની વાત.. શિષ્યને નવાઈ લાગી. પરંતુ થોડી જ વારમાં ગુરુ પત્નિ દીવો મુકી ઘરમાં ચાલ્યા ગયા... ગુરુજીએ શિષ્યને ઈશારો કરી કહ્યું કે 'બેટા! આનું નામ પ્રસન્ન દામ્પત્ય.' ખરા બપોરે પતિ દીવો કરવાની વાત કરે અને છતાંય કોઈ પ્રશ્ન નહિ. ક્યાંય દલીલ નહિં. પતિએ દીવો કરવાની વાત કરી એટલે કંઈક તો કારણ હોવું જોઈએ. સંપૂર્ણ સમર્પિતતા... સંપૂર્ણ વફાદારી... આ સંદર્ભમાં આજના દામ્પત્યને મુલવીએ તો કદાચ આપણને આજના દામ્પત્ય જીવનનું વરવું સ્વરૂપ જોવા મળે. મગજ ઠેકાણે છે કે નહિ? આ શું ધતિંગ માંડ્યા છે? ખરા બપોરે દીવો પ્રગટાવી શું કરશો? પતિ- પત્નિ વચ્ચે અહમ્‌નો ટકરાવ, વ્યકિત સ્વાતંત્ર્યની દુહાઈ. સ્વતંત્ર વિચારસરણીની ભ્રામક માન્યતાઓ પુરુષ સમોવડી દેખાવાના અભરખા એ આજના દામ્પત્ય જીવનને કલુષિત કરી નાખ્યું છે. કુટુંબો નંદવાતા જાય છે. બાળકો ઘોડીયા ઘરમાં આયાઓના આશરે ઉછરે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# પ્રેમ એ એક એવો શબ્દ છે, કમભાગ્યે એના આંતરિક મર્મને પારખવાને બદલે આપણે બાહ્યતત્ત્વ પર વધારે ભાર દઇએ છીએ અને સાચી વસ્તુ કાયમ માટે આંખથી દૂર રહી જાય છે

## મોંઘેરા મોતી

**ભલાં-ભોળાં સાચાં હૃદયના મનેખ**

**- નટવર આહલપરા**

બીજાનું ભલું પણ હસતાં-હસતાં કરનારા સહૃદયીઓને જેટલી સલામ કરીએ તેટલી ઓછી છે. આજે ટાપટીપ જોવા મળે છે પણ અંદર બધું ખોખલું. સાદગી તો વ્યક્તિની સાચી ઓળખ છે. સરળ, સૌમ્ય, મિતભાષી અને વળી પરગજુપણાની ભાવના ધરાવતા, જ્ઞાનનો જરાય આડંબર નહીં તેવા વારંવાર મળવું ગમે તેવા વ્યક્તિત્વને બિરદાવવા છે. પંદર વર્ષથી જેમનો પ્રેમ, વાત્સલ્ય મળ્યા છે અને મારી લઘુકથાઓ, પ્રસંગકથાઓ, વ્યક્તિ ચરિત્રો વ. સાહિત્યને જેમણે પોતાના સંઘેડા ઉપર ચઢાવી બરાબર મઠાર્યા છે. તેવા આદરણીય ખરા અર્થમાં સંસ્કૃત વિષયના પ્રેમાળ નિવૃત્ત છતાં એંસી વર્ષે પણ સતત પ્રવૃત્ત રાજકોટમાં વસતાં પ્રા. ચંદુલાલ ઠકરાલ.

મનુષ્ય વિશે મીમાંસા કરતા તેમણે પ્રેરક વાક્યો, પ્રસંગો રજૂ કર્યાં છે. તેઓ કહે છે કે, ઈશ્વરની સૃષ્ટિમાં મનુષ્યરૂપી પ્રાણીને જ આત્મ-નિરીક્ષણ કરવાની શક્તિ - ક્ષમતા બક્ષવામાં આવી છે. તટસ્થ વિચારકો આ કામ વધારે કુશળતાથી કરી શકે છે. આપણા સાહિત્યમાં આ નિરીક્ષણોમાં પરિણામોની માર્મિક નોંધો જળવાઈ રહી છે. આપણે તેમાંથી થોડાકનું અવલોકન કરીએ.

જે લોકો નીચી કોટીના છે, તે મુશ્કેલીઓથી ડરીને કાર્યનો આરંભ જ કરતા નથી. બીજા મધ્યમ પ્રકારના લોકો મુશ્કેલી આવતાં વચ્ચેથી જ કાર્યનો ત્યાગ કરી દે છે. પણ જે લોકો ધીરજવાળા છે તેઓ વારંવાર વિઘ્નો આવવા છતાંય લીધેલું કામ છોડી દેતા નથી.

અહીં કવિ હાથમાં લીધેલા કાર્યની દૃષ્ટિએ લોકોનું ગુણવિભાજન કજૂ કરે છે. આ પ્રકારો છે.

(૧) નીચ - મુશ્કેલી આવશે એવી બીકથી કાર્યનો આરંભ જ ન કરે તેવા લોકો.

(૨) મધ્યમ - કાર્યની શરૂઆત કરીને મુશ્કેલીનો અનુભવ થતાં કાર્યનો ત્યાગ કરનારા લોકો.

(૩) ઉત્તમ - વારંવાર મુશ્કેલીઓ પછડાટ ખવડાવતી હોવા છતાંય હાથમાં લીધેલું કામ છોડી ન દે તેવા લોકો.

પોતાના સ્વાર્થનો ત્યાગ કરીને (નિઃસ્વાર્થભાવે) બીજાનું ભલું કરે, તે સત્પુરૂષો - સજ્જનો છે. પોતાના સ્વાર્થને અડચણ ન આવે એવી રીતે બીજાનાં કાર્યો કરી આપે, તે સામાન્ય કોટિનાં માણસો ગણાય. પોતાનો સ્વાર્થ સાધવા માટે અન્યને નુકશાન પહોંચાડે તે માનવ રાક્ષસ.

મનુષ્યના સ્વરૂપમાં રાક્ષસ કહેવાય. પરંતુ કારણ વિના બીજાના હિતને હણી નાંખે - અહિત કરે, તેવા લોકોને શું નામ આપવું. એ અમે જાણતા નથી.

તેઓ પ્રેમ અને પ્રેમીઓ વિશે પણ સહૃદયી નોંધ કરે છે.

ઘણા શબ્દો બહુ વપરાશને લીધે લીસા થઈ જતા હોય છે. પ્રેમ એ એક એવો શબ્દ છે. કમભાગ્યેએના આંતરિક મર્મને પારખવાને બદલે આપણે બાહ્યતત્ત્વ પર વધારે ભાર દઈએ



છીએ અને સાચી વસ્તુ કાયમ માટે આંખથી દૂર રહી જાય છે.

પરંતુ કવિઓ પાસે આર્ષ દૃષ્ટિ હોય છે. તેઓ એ ભાવનાના સાચા મર્મને પામીને એ ભાવના એના સાચા અર્થમાં અન્ય લોકોમાં પણ સંક્રાન્ત થાય એવો પ્રયત્ન કરતા રહે છે.

અંગ્રેજી ભાષાના અન્ના ડેન્જલ નામનાં કવયિત્રી પોતાનાં **"If you Really Love"** નામનાં સુંદર કાવ્યમાં પ્રેમની સાચી ભાવના સમજાવવાનો સુંદર પ્રયાસ કરે છે. કવયિત્રી ગાય છે :

**If you have real Love**
**You are inventive.**

જો તમારામાં તમારા પ્રિયપાત્ર માટેનો સાચો પ્રેમ હશે, તો તમે તેના માટે શોધખોળ કરતા રહેશો.

પ્રિયપાત્ર માટે શોધખોળ એ કાંઈ માત્ર સ્થૂલ વૈજ્ઞાનિક કે ભૌતિક શોધખોળ (કે સંશોધન) નથી. સાચી શોધ તો કરવાની છે. આંતરિક સત્ત્વની અંતઃકરણ હંમેશાં આંતરિક રીતે પોતાના પ્રિય પાત્ર માટે જુદી - જુદી સુવિધાઓ (સ્થૂળ તથા સૂક્ષ્મ) ખોળી કાઢીને સુખી-સુખી બનાવી દેવાની કામના સેવતું હોય છે. આને માટે અંતસ્તલનાં ઊંડાણોમાં ઊતરવું પડે છે અને આ કાર્ય કોઈ પણ વૈજ્ઞાનિક આવિષ્કાર (કે સંશોધન) કરતાં ઓછું અઘરું નથી.

ચંદુભાઈ ઠકરાલ વૃધ્ધ ઉંમરે પણ યુવાનોને છાજે તેવા પ્રેરક લેખો લખે છે. જનકલ્યાણ, અખંડ આનંદ કે રામકૃષ્ણ જયોત જેવા સત્વશિલ અને ગરિમાપૂર્ણ સામયિકો તેમના સાહિત્યને આદરપૂર્વક પ્રસિધ્ધ કરે છે. ગુજરાતી, અંગ્રેજી, હિન્દી ગ્રંથોનું સંસ્કૃતમાં ભાષાંતર કે પછી સંસ્કૃત ગ્રંથોનું ગુજરાતી, અંગ્રેજીમાં ભાષાંતર કરી અનેક ગ્રંથો રસિક ભાવકો સુધી પહોંચાડવાનું શ્રેય તેમને મળ્યું છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૧૫મી મે**

### બંગભગ ચળવળનાં દીપક ત્રૈલોક્યનાથની જન્મજયંતિ

બંગભગ ચળવળનાં દીપક ત્રૈલોક્યનાથનો જન્મ ૧૫-૫-૧૮૯૨. 'કારાવાસમાં ૩૦ વર્ષ' - ભારત-પાકિસ્તાન આઝાદી સંગ્રામ તેમના વિખ્યાત પુસ્તકો. સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ પૂર્વ પાકિસ્તાનમાં રહ્યા. ૯-૮-૧૯૭૦માં તેમનું અવસાન થયું.

- ફેઇથ-૭માં પૃથ્વીની પરિક્રમા કરનારા અવકાશયાત્રી લેરોગોર્ડનનો જન્મદિન પૃથ્વીના ૨૨ પરિક્રમા કરી. ૩૪ કલાકમાં ૯૨૦ હજાર કિલોમીટર કાપ્યા. ૧૯૬૩માં ૧૫મી મે.
- બાબુ કેશવચંદ્ર સેને 'બ્રહ્મ સમાજની સ્થાપના કરી.'



- ૧૯૬૮ની ૧૫મી એ પોસ્ટકાર્ડની કિંમત ૧૦ પૈસા થઇ.
- ૯૭૭ ની ૧૫મી એ પ્રકાંડ પંડિત જગદગુરુ શંકરાચાર્યનો જન્મ-નાબુદી કુળમાં મલબારના કાલડા કેકાંલટી ગામે થયો.
- જનરલ કરી અપ્પા - ફિલ્ડમાર્શલનું અવસાન - ૧૯૯૩.